શ્રી અંબિકાનિકેતન મેડીકલ ટ્રસ્ટ
શ્રી કે. પી. સંઘવી હોસ્પિટલ
SHRI K. P. SANGHVI HOSPITAL
લાલવાડી, સગરામપુરા, સેન્ટર પોઈન્ટ પાછળ, રીંગરોડ, સુરત-૨. ફોન : ૦૨૬૧-૪૭૭૭૮૮, ૨૪૬૨૦૭૭-૮૮
વર્ષ ૨૦૨૬ મા નવી સુવિધાઓ
ગેસ્ટ્રોએન્ટ્રોલોજી ડિપાર્ટમેન્ટ
(પેટ - આંતરડા - લીવરના રોગની અદ્યતન સારવાર)
ઉપલબ્ધ ડોક્ટર્સની ટીમ (ઓ.પી.ડી... મંગળવાર - સાંજે ૩ થી ૪)
- ડૉ. ધ્રુવિન શાહ - M.D.Medicine (Gold Medalist), DNB (Gastroenterologist)
- ડૉ. ભાવિન પટેલ - M.D.Medicine, DNB (Gastroenterologist)
- ડૉ. પ્રશાંત ડોબરીયા - M.D.Medicine, DNB (Gastroenterologist)
- ડૉ. નિલેશ ગોધાણી - M.D.Medicine, DNB (Gastroenterologist)
ઓ.પી.ડી... સોમવાર, બુધવાર, શુક્રવાર - સાંજે ૩ થી ૪
- ડૉ. જય ચોકસી - M.S., General Surgery - FMAS, DNB Surgical Gastroenterologist
હિમેટોલોજીસ્ટ ડિપાર્ટમેન્ટ
લોહી-રક્ત (બ્લડ)ને સંબંધિત રોગો તેમજ બ્લડને સંબંધિત કેન્સરના રોગ માટેના તજજ્ઞ હિમેટોલોજીસ્ટ તબીબની ઓ. પી. ડી. .... સોમવાર થી શનિવાર સાંજે ૪ થી ૬
- ડૉ. ચિરાગ ત્રિવેદી - M.D., DM in Clinical Haematology


# ગુજરાતમિત્ર

તથા ગુજરાતદર્પણ સ્થાપના:૧૮૬૩

સંવર્ધક તંત્રી : સ્વ. પ્રવીણકાન્ત ઉત્તમરામ રેશમવાળા
તંત્રી: મુદ્રક : પ્રકાશક : ભરત પ્રવીણકાન્ત રેશમવાળા

વડોદરા


પંચકર્મ -અગ્નિકર્મ -વેધનકર્મ-મર્મરુહ: (પીડન) ચિકિત્સા
સંધિવાત - પેરાલીસીસ - કેન્સર - ડાયાબીટીસ - કિડની હોસ્પિટલ
વૈદ્યરત્નમ્ સંદિપ પટેલ ॥ આયુર્વેદા વૈદ્યશાલા ॥
નિરામય આયુર્વેદિક હોસ્પીટલ®
www.niramayayurveda.com
રી-સર્ચ ફોર આયુર્વેદા
આયુર્વેદ ઔષધ-પંચકર્મ દ્વારા શકિતશાળી ઈમ્યુન સીસ્ટમ જે
કેન્સર (કર્કટાર્બુદ)
CKD (કિડનીના રોગો) અને
કાર્ડીયાક (હૃદયરોગો)
સામે દર્દીઓના સ્વાસ્થયનું રક્ષણ કરે છે....
સુરત 'પ્રતિક હાઉસ', ૧/૯૩૪, અડાગરા સ્ટ્રીટ, અથુગરા સ્ટ્રીટ રોડ, ખુરશેદ બેકરી સામે, નાનપુરા, સુરત. Ph.: (0261) 2470875, Mo.: 75748 61856
સુરત ૧૦૫, દેવાશીષ એપાર્ટમેન્ટ, ઉમરા રોડ, SVNIT સામે, ઈચ્છાનાથ, સુરત-૩૯૫૦૦૭. Mo : 75748 61851
બારડોલી અસ્તાન જીન કમ્પાઉન્ડ, સુગર ફેક્ટરી-અસ્તાન રોડ, બારડોલી. Mo. 75748 61853

માલિકઃ ગુજરાતમિત્ર પ્રા.લિ. પ્રકાશન સ્થાનઃ ગુજરાત સ્ટાન્ડર્ડ પ્રેસ, ગુજરાતમિત્ર ભવન, સોની ફળિયા, સુરત-૩૯૫૦૦૩ | e-mail:mitra@gujaratmitra.in | ટે.નં.: જા.ખ. વિભાગ: ૨૫૯૯૯૯૧, ફેક્સ: ૨૫૯૯૯૯૦, વ્યવસ્થા, તંત્રી વિભાગ: ૨૫૯૯૯૯૨/૩/૪

GUJARATMITRA AND GUJARATDARPAN
Regd.No. SRT-006/2024-26 ★ RNI No.1597/57

વર્ષ: ૧૬૩ * * * સંવત ૨૦૮૨ મહા વદ તેરસ રવિવાર ૧૫ ફેબ્રુઆરી, ૨૦૨૬ * * * દૈનિક : ૮૯ - અંક : ૯૭

પાનાં ૧૨+૮ કિંમત ₹ ૬.૦૦

રાજકીય નાટક બાદ કોલંબોમાં ક્રિકેટનો મહાજંગ

# આજે કોલંબોમાં હાઈવોલ્ટેજ ભારત-પાક. મેચ


**ભારે** વિવાદ પછી રમાઇ રહેલી ટી-૨૦ વર્લ્ડ કપની આ મેચ બંને ટીમો માટે પ્રતિષ્ઠાનો જંગ બની રહેશે

**બંને** ટીમના ખેલાડીઓ પર માનસિક દબાણ પણ વ્યાપક રહેશે, ચાહકોમાં પણ ભારે ઉત્તેજના રહેશે

**મેચનું** જીવંત પ્રસારણ સ્ટાર સ્પોર્ટ્સ પર જ્યારે લાઈવ સ્ટ્રીમીંગ જિયો હોટસ્ટાર પર સાંજે 7.00 વાગ્યાથી







કોલંબો, તા. 14 (પીટીઆઈ): ક્રિકેટમાં અભૂતપૂર્વ રીતે રાજકારણના મિશ્રણને કારણે સર્જાયેલી મડાગાંઠ 'અસ્થાયી' રીતે દૂર થયા બાદ, રવિવારે ટી-20 વર્લ્ડકપના સૌથી રાહ જોવાતા મુકાબલામાં જ્યારે બે કટ્ટર હરીફો સામસામે ટકરાશે, ત્યારે ભારતના મધ્યક્રમ સામે પાકિસ્તાની સ્પિનરોનો મોટો પડકાર હશે.

મેચની પૃષ્ઠભૂમિને જોતા હવે બંને ટીમો કોઈ પણ પ્રકારની કસર છોડવા માગશે નહીં. પાકિસ્તાને મેચના બહિષ્કારના નિર્ણય પર 'યુ-ટર્ન' લઈને પ્રેમદાસા સ્ટેડિયમ પર રમવાનો નિર્ણય કર્યો છે, જે અગાઉ આઈસીસી, બાંગ્લાદેશ અને શ્રીલંકા ક્રિકેટ વચ્ચે અઠવાડિયા સુધી ચાલેલી લાંબી ચર્ચાઓનું પરિણામ છે. વ્યવહારિક રીતે જોઈએ તો આખું દક્ષિણ એશિયા આ મેચ યોજાય તેવા પ્રયાસોમાં લાગેલું હતું, કારણ કે પ્રસારકો અને સ્પોન્સર્સથી લઈને દર્શકો માટે આ મેચ સૌથી મહત્વની હોય છે. જોકે, બંને ટીમોના ખેલાડીઓએ તેને સામાન્ય મેચ ગણાવી પોતાના પરનો દબાણ ઓછું કરવાનો પ્રયાસ કર્યો છે, પરંતુ આ મેચમાં હાર્યા પછી ચાહકોનો રોષ વહોરવો કોઈને મંજૂર નથી.

ભારત માટે મુખ્ય સમસ્યા અભિષેક શર્માની છે, જે પેટમાં ઈન્ફેક્શનને કારણે હોસ્પિટલમાં હતો. જો તે ન રમે તો સંજુ સેમસન અથવા ઈશાન કિશન સાથે વોશિંગ્ટન સુંદર પાસે ઈનિંગની શરૂઆત કરાવી શકાય છે. સુંદર કોલંબોની ધીમી પિચ પર ઓફ-સ્પિનમાં પણ મદદરૂપ થઈ શકે છે. પિચને જોતા કુલદીપ યાદવને પ્લેઈંગ ઈલેવનમાં સામેલ કરવા માટે રિંકુ સિંહને બહાર બેસવું પડી શકે છે. બાબર આઝમ સામે કુલદીપનો રેકોર્ડ ઉત્તમ છે.

ભારતીય બેટિંગમાં છેલ્લી બે મેચોમાં મધ્યક્રમમાં ધબડકો જોવા મળ્યો છે, જે ચિંતાનો વિષય છે. સૂર્યકુમાર, ઈશાન અને હાર્દિકે અત્યાર સુધી ટીમની લાજ બચાવી છે.બીજી તરફ, પાકિસ્તાન છેલ્લા ઘણા સમયથી કોલંબોમાં હોવાથી તેમને પિચનો વધુ સારો અંદાજ છે. ઉસ્માન તારિક અને અબરાર અહેમદ જેવા સ્પિનરો ભારતીય બેટ્સમેનોની કસોટી કરશે. જોકે, પાકિસ્તાને હજુ સુધી ભારત જેવા મજબૂત બોલિંગ આક્રમણનો સામનો કર્યો નથી. અંતે, જે ટીમ દબાણ અને લાગણીઓ પર કાબૂ રાખશે તે જ વિજયી બનશે.

## વડાપ્રધાન મોદીએ આસામમાં હાઇવે પરની ઇમરજન્સી લેન્ડિંગ ફેસિલિટી પર ઉતરાણ કર્યું

**દિબ્રુગઢ** નજીક હાઇવેના બાયપાસ રોડ પર ખાસ તૈયાર કરાયેલા પટ્ટા પર વડાપ્રધાનના C-130J વિમાને લેન્ડિંગ કર્યું



**૧૦૦ કરોડ રૂ.ના ખર્ચે તૈયાર કરાયેલ આ સવલત નાગરિક અને લશ્કરી બંને ઉપયોગ માટે બનાવાઇ છે**

**કટોકટીન** સમયે દિબ્રુગઢ એરપોર્ટના વિકલ્પ તરીકે પણ કામ આપી શકે છે

આ ઇમરજન્સી લેન્ડિંગ ફેસીલીટી અંદાજે રૂ.૧૦૦ કરોડના ખર્ચે તૈયાર કરવામાં આવી છે. તે દિબ્રુગઢમાં હાઇવેના મોરાન બાયપાસ પરના એક પટ્ટા પર તૈયાર કરાઇ છે. આ ઉત્તર-પૂર્વનો આવો પ્રથમ ઇન્ફ્રાસ્ટ્રક્ચર પ્રોજેક્ટ છે.

...અનુસંધાન પાના 11 પર

નવી દિલ્હી,તા. ૧૪: એક ઐતિહાસિક ઘટનામાં, વડાપ્રધાન નરેન્દ્ર મોદીનું વિમાન શનિવારે સવારે આસામના મોરાન ખાતે ઉત્તર-પૂર્વની પ્રથમ ઇમરજન્સી લેન્ડિંગ ફેસિલિટી (ELF) પર ઉતર્યું હતું, જે રાજ્યના વ્યૂહાત્મક અને માળખાગત વિકાસમાં એક મહત્વપૂર્ણ સીમાચિહ્નરૂપ છે. રાષ્ટ્રીય ધોરીમાર્ગના આ ખાસ તૈયાર કરાયેલા પટ્ટાને કટોકટીના સમયે ભારતીય વાયુસેનાના ફાઈટર જેટ્સના ટેક-ઓફ અને લેન્ડિંગ માટે વિકસાવવામાં આવ્યો છે.

વડાપ્રધાને આ ૪.૨ કિમી લાંબા પટ્ટા પર પ્રથમ લેન્ડિંગ કરીને ચૂંટણી તરફ જઈ રહેલા આ રાજ્યમાં આ સુવિધાનું ઉદ્ઘાટન કર્યું હતું.

પીએમ મોદી અગાઉ ચબુઆ એરફિલ્ડ પર ઉતર્યા હતા અને ત્યાંથી તેઓ દિબ્રુગઢમાં મોરાન બાયપાસ પર આવેલી ઇમરજન્સી લેન્ડિંગ ફેસિલિટી પર પહોંચ્યા હતા. તેમણે આ સુવિધા સુધી પહોંચવા માટે ચબુઆથી ભારતીય વાયુસેનાના C-130J વિમાનનો ઉપયોગ કર્યો હતો. વડાપ્રધાને ભારતીય વાયુસેના દ્વારા પ્રસ્તુત ૪૦ મિનિટના હવાઈ પ્રદર્શનનું પણ નિરીક્ષણ કર્યું હતું, જેમાં ફાઈટર જેટ્સ, ટ્રાન્સપોર્ટ એરક્રાફ્ટ અને હેલિકોપ્ટર સામેલ હતા. આ પ્રદર્શનોએ ભારતીય વાયુસેનાની

...અનુસંધાન પાના 11 પર

## રશિયાના વિપક્ષી નેતા નવાલ્નીને ઝેર અપાયું હોવાનો પાંચ યુરોપિયન દેશોનો આરોપ

**યુકે,** ફ્રાન્સ, જર્મની, સ્વીડન અને નેધરલેન્ડ્સે સંયુક્ત નિવેદન બહાર પાડી પુટિન તંત્ર પર આ આક્ષેપ મૂક્યો

**નવાલ્નીના** મૃતદેહના સેમ્પલોમાં ઝેરી દેડકાના શરીરમાંથી મળતા એપિબેટિડાઇન ઝેરની હાજરી જણાઇ હોવાનો દાવો

**પુટિનના** સખત વિરોધી નવાલ્નીનું ૨૦૨૪માં આર્કટિક જેલમાં રહસ્યમય મોત થયું હતું



**લંડન, ફેબ્રુઆરી 14 (AP):** રશિયન વિરોધ પક્ષના નેતા એલેક્સી નવાલ્નીને ઝેરી દેડકાની ત્વચામાંથી મળતા જીવલેણ ઝેરમાંથી બનાવાયેલ ઝેર આપવામાં આવ્યું હતું, તેમ પાંચ યુરોપિયન દેશોએ શનિવારે રશિયન સરકાર પર આ હુમલાનો આરોપ લગાવતા જણાવ્યું હતું.

યુકે,ફ્રાન્સ,જર્મની,સ્વીડન અને નેધરલેન્ડ્સના વિદેશ મંત્રાલયોએ જણાવ્યું હતું કે બે વર્ષ પહેલાં મૃત્યુ પામેલા નવાલ્નીના નમૂનાઓના વિશ્લેષણમાં એપિબેટિડાઇનની હાજરીની ચોક્કસ પુષ્ટિ થઈ છે. તેમણે કહ્યું કે આ એક એવું ઝેર છે જે દક્ષિણ અમેરિકામાં જોવા મળતા ઝેરી ડાર્ટ દેડકાઓમાં હોય છે અને તે રશિયામાં કુદરતી રીતે જોવા મળતું નથી.

આ દેશોએ એક સંયુક્ત નિવેદનમાં જણાવ્યું હતું કે રશિયા પાસે આ ઝેર આપવા માટેના સાધનો, હેતુ અને તક હતા. તેમણે ઉમેર્યું કે તેઓ 'કેમિકલ વેપન્સ કન્વેન્શન'ના ઉલ્લંઘન બદલ રશિયા સામે 'ઓર્ગેનાઈઝેશન ફોર ધ પ્રોહિબિશન ઓફ કેમિકલ વેપન્સ' માં રિપોર્ટ કરી રહ્યા છે. બ્રિટિશ વિદેશ સચિવ ઇવેટ કૂપરે જણાવ્યું હતું કે, "રશિયા નવાલ્નીને એક ખતરો માનતું હતું. આ પ્રકારના ઝેરનો ઉપયોગ કરીને રશિયન સ્ટેટે તેની પાસે રહેલા ઘૃણાસ્પદ સાધનો અને રાજકીય વિરોધ પ્રત્યેનો તેનો અતિશય ડર પ્રદર્શિત કર્યો છે." નવાલ્ની, જેમણે સરકારી ભ્રષ્ટાચાર વિરુદ્ધ ઝુંબેશ ચલાવી હતી અને રાષ્ટ્રપતિ વ્લાદિમીર પુતિનના પ્રબળ વિરોધી તરીકે ક્રેમલિન વિરોધી મોટા વિરોધ પ્રદર્શનો યોજ્યા હતા, તેમનું ફેબ્રુઆરી 2024માં આર્કટિક પેનલ કોલોની (જેલ) માં મૃત્યુ થયું હતું. તેઓ 19 વર્ષની સજા ભોગવી રહ્યા હતા, જે તેમના મતે રાજકીય રીતે પ્રેરિત હતી. નવાલ્નીના વિધવા, યુલિયા નવાલ્નાયાએ ગયા વર્ષે જણાવ્યું હતું કે બે સ્વતંત્ર લેબમાં તપાસ દરમિયાન જાણવા

...અનુસંધાન પાના 11 પર

## બાંગ્લાદેશમાં કોઈપણ ભોગે કાયદો અને વ્યવસ્થા જળવાઈ રહેવી જોઈએ: તારિક રહેમાન

**સૌના** અભિપ્રાયના આધારે રાષ્ટ્રનિર્માણની વાત કરી

ઢાકા, તા. 14 : બીએનપી ચેરમેન તારિક રહેમાને શનિવારે 'કોઈપણ ભોગે' કાયદો અને વ્યવસ્થા જાળવી રાખવા હાકલ કરી હતી અને સુરક્ષિત તથા માનવીય બાંગ્લાદેશના નિર્માણમાં સૌનો સહકાર માંગ્યો હતો.

રહેમાનની બાંગ્લાદેશ નેશનાલિસ્ટ પાર્ટી (બીએનપી)એ શુક્રવારે સીમાચિહ્નરૂપ સંસદીય ચૂંટણીમાં બે તૃતીયાંશથી વધુ બહુમતી સાથે જ્વલંત વિજય મેળવ્યો હતો. બીએનપી નેતા પ્રથમ વખત વડા પ્રધાન બનવા માટે તૈયાર છે. તેઓ વચગાળાની સરકારના વડા મુહમ્મદ યુનુસનું સ્થાન લેશે.

13મી સંસદીય ચૂંટણીમાં પ્રચંડ વિજયના એક દિવસ પછી પત્રકાર પરિષદને સંબોધતાં રહેમાને કહ્યું કે, ''સુરક્ષિત અને માનવીય બાંગ્લાદેશ બનાવવા માટે આપણને સૌના સહકારની જરૂર છે. આ વખતે દેશના પુનઃનિર્માણમાં દરેકે જવાબદાર ભૂમિકા ભજવવી જોઈએ.'' 'ઢાકા ટ્રિબ્યુન' દ્વારા રહેમાનને ટાંકીને કહેવામાં આવ્યું હતું કે, ''કોઈપણ બહાને કોઈની સાથે અન્યાય કરી શકાય નહીં. કોઈપણ ભોગે કાયદો અને વ્યવસ્થા જાળવવી જોઈએ.''

રહેમાને કહ્યું કે, દેશના આઝાદી પ્રેમી જનતાએ બીએનપીને વિજયી બનાવી છે અને આ પરિણામને 'જનતાનો વિજય' ગણાવ્યો હતો. બીએનપી ચેરમેને કહ્યું કે, ''આજથી દરેક વ્યક્તિ આઝાદ છે. સૌને અભિનંદન. સૌની સહભાગીદારી સાથે દેશમાં ફાસીવાદ મુક્ત રાજ્યની સફર શરૂ થઈ છે.''

રહેમાને વધુમાં ઉમેર્યું કે, ''દેશના નિર્માણમાં દરેકના વિચારો મહત્ત્વપૂર્ણ છે. અમે સૌના અભિપ્રાયના આધારે દેશનું નિર્માણ કરીશું.'' 13મી સંસદીય ચૂંટણીઓ ખૂબ જ મહત્ત્વની હતી. કારણ કે, તે ઓગસ્ટ 2024માં વિદ્યાર્થીઓના નેતૃત્વમાં થયેલા વિરોધ પ્રદર્શનો દ્વારા શેખ હસીનાના 15 વર્ષના શાસનને ઉથલાવી દીધા

...અનુસંધાન પાના 11 પર

## અકસ્માત પીડિતો માટે ઇમરજન્સી રિસ્પોન્સ સિસ્ટમ પૂરી પાડવા માટેની પીએમ રાહત યોજનાનો આરંભ

**આ યોજનામાં** અકસ્માતના રિપોર્ટિંગથી લઈને હોસ્પિટલમાં દાખલ થવા, પોલીસ વેરીફિકેશન, સારવાર અને નાણાકીય રાહત વગેરેનો સમાવેશ કરાયો છે

**અકસ્માતના** દરેક પીડિતને ૭ દિવસના સમયગાળા માટે દોઢ લાખ સુધીની મફત સારવાર અપાશે

નવી દિલ્હી, તા. 14(PTI): સરકારે શનિવારે PM RAHAT (રોડ એક્સિડન્ટ વિક્ટિમ હોસ્પિટલાઈઝેશન એન્ડ એશ્યોર્ડ ટ્રીટમેન્ટ) યોજના શરૂ કરવાની જાહેરાત કરી છે, જેનો ઉદ્દેશ્ય અકસ્માત પીડિતો માટે ઈમરજન્સી રિસ્પોન્સ સિસ્ટમ પૂરી પાડવાનો છે.

માર્ગ પરિવહન અને ધોરીમાર્ગ મંત્રાલય (MoRTH) એ એક નિવેદનમાં જણાવ્યું હતું કે, ભારતમાં દર વર્ષે માર્ગ અકસ્માતમાં નોંધપાત્ર સંખ્યામાં મૃત્યુ થાય છે, જેમાંથી ઘણા સમયસર તબીબી સહાય મળવાથી અટકાવી શકાય તેમ છે.

ઈમરજન્સી રિસ્પોન્સ સપોર્ટ સિસ્ટમ (ERSS) 112 હેલ્પલાઈન સાથેનું જોડાણ એ સુનિશ્ચિત કરે છે કે અકસ્માત પીડિતો 'ગોલ્ડન અવર' (સુવર્ણ કલાક) ની અંદર હોસ્પિટલ પહોંચે. માર્ગ અકસ્માતના પીડિતો, રાહ-વીર (ગુડ સેમરિટન્સ) અથવા અકસ્માત સ્થળે હાજર કોઈપણ વ્યક્તિ નજીકની નિયુક્ત હોસ્પિટલની વિગતો મેળવવા અને એમ્બ્યુલન્સની મદદ માંગવા માટે 112 ડાયલ કરી શકે છે. આ યોજના હેઠળ, કોઈપણ કેટેગરીના રસ્તા પર અકસ્માતનો ભોગ બનેલા દરેક પાત્ર પીડિત અકસ્માતની તારીખથી 7 દિવસના સમયગાળા માટે વ્યક્તિ દીઠ રૂ. 1.5 લાખ સુધીની કેશલેસ સારવાર માટે હકદાર રહેશે.

બિન-જીવલેણ કિસ્સાઓમાં 24 કલાક સુધી અને જીવલેણ કિસ્સાઓમાં 48 કલાક સુધી સ્ટેબિલાઈઝેશન સારવાર પૂરી પાડવામાં આવશે, જે સંકલિત ડિજિટલ સિસ્ટમ પર પોલીસ પ્રમાણીકરણને આધીન રહેશે.

PM RAHAT યોજના માર્ગ પરિવહન અને ધોરીમાર્ગ મંત્રાલયના ઈલેક્ટ્રોનિક ડિટેલ્ડ એક્સિડન્ટ રિપોર્ટ (eDAR) પ્લેટફોર્મ અને નેશનલ હેલ્થ ઓથોરિટીના ટ્રાન્ઝેક્શન મેનેજમેન્ટ સિસ્ટમ (TMS 2.0) ને જોડીને એક મજબૂત, ટેકનોલોજી સંચાલિત માળખા દ્વારા અમલમાં મૂકવામાં આવશે. આ જોડાણ અકસ્માતના રિપોર્ટિંગથી લઈને હોસ્પિટલમાં દાખલ થવા, પોલીસ વેરીફિકેશન, સારવાર, ક્લેમ પ્રોસેસિંગ અને અંતિમ ચૂકવણી સુધી સીમલેસ ડિજિટલ લિંકેજ સક્ષમ બનાવશે.

## જમ્મુમાં પાકિસ્તાનથી ડ્રોન દ્વારા ફેંકવામાં આવેલું 6.5 કિલોથી વધુ હેરોઈન જપ્ત

**40 કરોડ** રૂપિયાથી વધુની કિંમતનું હેરોઇન જપ્ત કરીને નશીલા પદાર્થોની તસ્કરીના મોટા પ્રયાસને નિષ્ફળ બનાવાયો

**જમ્મુ, તા. 14 (PTI):** અધિકારીઓએ જણાવ્યું હતું કે, શનિવારે અહીં આર.એસ. પુરા સેક્ટરમાં 40 કરોડ રૂપિયાથી વધુની કિંમતનું 6.5 કિલોથી વધુ હેરોઈન જપ્ત કરીને આંતરરાષ્ટ્રીય સરહદ પર સરહદ પારથી નશીલા પદાર્થોની તસ્કરીના મોટા પ્રયાસને નિષ્ફળ બનાવવામાં આવ્યો હતો. અધિકારીએ જણાવ્યું હતું કે, સરહદ પારથી ડ્રોન દ્વારા સામગ્રી ફેંકવામાં આવી હોવાની માહિતી મળ્યા બાદ બાસ્પુર વિસ્તારના નઈ બસ્તી કરોટાના ગામમાંથી સીમા સુરક્ષા દળ (બીએસએફ)ની 165મી બટાલિયન અને પોલીસના સંયુક્ત ઓપરેશન દરમિયાન આ પ્રતિબંધિત સામગ્રી

...અનુસંધાન પાના 11 પર

તા. ૧૪-૦૨-૨૦૨૬નું વડોદરા શહેરનું
**હવામાન**

| મહત્તમ | લઘુત્તમ | ભેજ |
|---|---|---|
| ૩૪.૦° સે. | ૧૮.૬° સે. | ૩૧% |

## ભારતે ક્લાયમેટ એક્શન માટે તેની પ્રતિબદ્ધતા વધારીને GDPના 5.6 ટકા કરી

**જે દેશો** ઓછું પ્રદૂષણ ફેલાવે છે તેમણે ક્લાયમેટ એક્શનમાં ઓછું યોગદાન આપવું જોઈએ: નાણામંત્રી

**નવી દિલ્હી, તા. 14 (PTI):** નાણામંત્રી નિર્મલા સીતારમણે શનિવારે જણાવ્યું હતું કે, ભારતે છેલ્લાં છ વર્ષમાં ક્લાયમેટ એક્શન (આબોહવા પરિવર્તન સામેના પગલાં) પરનો ખર્ચ વધારીને જીડીપીના 5.6 ટકા કર્યો છે, જે કાર્બન ઉત્સર્જન ઘટાડવાના રાષ્ટ્રીય લક્ષ્યોને પૂર્ણ કરવાની દેશની કોશિશ દર્શાવે છે.

મ્યુનિક સિક્યુરિટી કોન્ફરન્સમાં પેનલ ચર્ચામાં ભાગ લેતાં નાણામંત્રીએ કહ્યું કે, ભારતે ક્લાયમેટ એક્શન પ્રત્યેની પોતાની પ્રતિબદ્ધતામાં વધારો કર્યો છે.

નાણામંત્રીએ કહ્યું, ''છ વર્ષ પહેલાં અમે ક્લાયમેટ એક્શન પર અમારા જીડીપીના આશરે 3.7 ટકા ખર્ચ કરી રહ્યા હતા. આજે તે આંકડો 5.6 ટકાની નજીક છે. અમે ભંડોળનું રોકાણ કર્યું છે. અમે ફાઈનાન્સિંગ અને ટેક્નોલોજી અન્ય ક્યાંકથી આવે તેની રાહ જોઈ રહ્યા નથી, પરંતુ તે આવવા જ જોઈએ.''

નાણામંત્રીએ વધુમાં જણાવ્યું હતું કે, ભારત રિન્યુએબલ એનર્જીમાં રોકાણ કરવાનું ચાલુ રાખશે અને અમે તે પ્રતિબદ્ધતા પર સતત કામ કરી રહ્યા છીએ. નાણામંત્રીએ કહ્યું, કેન્દ્રીય બજેટ 2026-27માં 'કાર્બન

...અનુસંધાન પાના 11 પર